## માણસામાં કેસરેશ્વર મહાદેવમાં શિવરાત્રીનો મેળો

માણસા, તા. ૭

માણસા તથા આસપાસના ગામોના લાભાર્થે પ્રવાસન નિગમ દ્વારા જિર્ણોધ્ધાર થયેલ મલાવ તળાવની પાસે અતિપ્રાચીન અને ચમત્કારીક કેશરેશ્વર મહાદેવમાં શિવરાત્રીનો મેળો યોજાશે. ધજાનો વરઘોડો, પૂજા, આરતી, ધજારોહણ, મહાઆરતી યોજાશે.

નૌકાવિહાર, ફુડકાર્ટ, વગેરેનું સુવ્યવસ્થિત આયોજન કરેલ છે. શ્રી કેશરેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ તરફથી જણાવેલ છે.

# મહેસાણામાં ઋતુ પરિવર્તન થતા સ્વાઈનફ્લુ અને વાઈરલના કેસોમાં વધારો

મહેસાણા, તા. ૭

મહેસાણા જિલ્લામાં સ્વાઈનફ્લુના શંકાસ્પદ કેસો તથા ઋતુઓના ફેરફારને કારણે શરદી, ઉધરસ, તાવ જેવી વધેલી બિમારીઓથી લોકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

જિલ્લામાં વિસનગર, વિજાપુર અને ઊંઝા તાલુકામાં સ્વાઈનફ્લુ જેવી ગંભીર બીમારીના કેટલાક પોઝીટીવ કેસો મળી આવ્યા છે. કથિત સ્વાઈનફ્લુના કારણે જિલ્લામાં બે થી ત્રણ દર્દીઓના મોત થયા છે. જ્યારે કેટલાક દર્દીઓ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. આ ઉપરાંત શિયાળુ ઋતુની વિદાય અને ઉનાળાના આગમનથી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શરદી, ઉધરસ, તાવ જેવી બિમારીઓનો લોકો ભોગ બન્યા છે. સિઝનલ બિમારીમાં સપડાયેલ દર્દીઓ ખાનગી અને સરકારી દવાખાના અને હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે ત્યારે દવાખાના અને હોસ્પિટલોમાં આઉટડોર ને ઈનડોર દર્દીઓની સંખ્યા વધી જવા પામી છે.

મહેસાણા જિલ્લામાં સ્વાઈનફ્લુના શંકાસ્પદ કેટલાક કેસોને લીધે લોકોમાં આ કહેવાતા જીવલેણ રોગ અંગે દહેશત ઉભી થઈ છે. ત્યો જિલ્લાના આરોગ્ય તંત્રે સત્વરે તકેદારીના યોગ્ય પગલાં ભરવાં જોઈએ તેવું લોકોમાં બોલાય છે.



આ જીવનમાં દરેક માણસને કોઈને કોઈ વેશમાં જીવન વતિત કરવાનું જ હોય છે. પોતાના જીવનમાં દુઃખ આણીને પણ બીજા લોકોને આનંદમાં રાખવા માટે પ્રાંતિજ શહેરમાં જય શ્રી રામ... સાથે નિકળેલા કપિરાજ (વાનર) નો વેશ ધારણ કરી દુકાને દુકાને જઈને જયશ્રી રામ કહીને શું સંદેશ આપે છે ? પણ જે હોય તે ભગવાન રામના નામની સાથે કપિરાજનો વેશ ધારણ કરીને પોતાનું પેટીયુ રડવા નિકળેલ આ કપિરાજ એટલુ તો ટુંકમાં કહી જાય છે કે પેટ કરાવે વેઠ. (તસવીર : સંજય રાવલ, તા.પ્રાંતિજ)

## ખેડબ્રહ્મામાં આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા શહેરમાં બુધવારના રોજ એક આધેડ પુરૂષનો પગ બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા શહેરમાં ચકચાર ફેલાઈ છે. ખેડબ્રહ્મા પોલીસે સદર બનાવ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા શહેરની ચાંપલપુર પ્રાથમિક શાળાની બાજુમાં બુધવારના રોજ મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના બકાભાઈ નાથાભાઈ નટ ઉ.વ. ૫૩ અગમ્ય કારણોસર મૃત્યુ પામેલ હાલતમાં મળી આવ્યો હતો. બંને પગે દોરડા વડે બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા શહેરમાં આ ચર્ચાએ ભારે જોર પકડયું હતું.

આ બનાવ અંગે ખેડબ્રહ્માના રહીશ પાર્વતીબેન જવાનભાઈ નટે ખેડબ્રહ્મા પોલીસને ખબર આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠાના ધો. ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં પહેલા જ દિવસે ધાનેરામાં ૭ કોપી કેસથી ખળભળાટ



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૭

આજથી રાજ્યભરમાં ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો શાંતિપૂર્ણ પ્રારંભ થયેલ. બનાસકાંઠા જિલ્લામાં આજે સવારથી જ જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર સવારે એસએસસીના પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલક કરી મોં મીઠુ કરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે ધો. ૧૦માં ગુજરાતીનું પ્રશ્નપત્ર એકંદરે સરળ હોવાનું પરીક્ષા પૂર્ણ થતાં બહાર આવેલ પરીક્ષાર્થીઓએ જણાવ્યું હતું. પાલનપુર, ડીસા, ધાનેરા, છાપી, વડગામ, દાંતા, અંબાજી, અમીરગઢ, પાંથાવાડા, થરાદ, વાવ, દિયોદર સહીત જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. આજે પ્રથમ દિવસે જ પરીક્ષાર્થીઓ સાથે શહેરના પરીક્ષા કેન્દ્રો પર વાલીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. સવારથી જ પરીક્ષાની કામગીરીમા રોકાયેલ શૈક્ષણિક સ્ટાફ અન્ય સ્ટાફ તથા ગેરરીતીઓ અટકાવવા માટે સજ્જ જુદી જુદી સ્કવોર્ડ ફલાઈંગ સ્કવોર્ડની ટીમો પોતપોતાના રૂટો પર રવાના થઈ હતી. પ્રશ્નપત્રો અને પરીક્ષા બાદ ઉત્તરવહીઓ જિલ્લાભરમાંથી એકત્રી કરી મુખ્ય પરીક્ષા કેન્દ્ર પર પાલનપુર ખાતે હથીયારધારી પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી હાથ ધરવામાં આવી છે.

આજે પરીક્ષાના પ્રથમ દિવસે ધાનેરા ખાતે ધો. ૧૦ ના ગુજરાતીના પ્રથમ પેપરમાં પરીક્ષા કેન્દ્ર ડી.બી. પારેખ હાઈસ્કૂલમાં ફલાઈંગ વિજીલન્સ સ્કવોર્ડના ચેકીંગ દરમ્યાન કુલ ૭ વિદ્યાર્થીઓને ગેરરીતી કરતા ઝડપી પાડ્યા હતા. આ ૭ જણા સામે કોપી કેસ કરાયાનું મોડી સાંજે જિલ્લામથક પાલનપુર સ્થિત ડી.ઓ. કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું.

આમ બોર્ડની પરીક્ષાના આરંભે જ બનાસકાંઠાના ધાનેરામાં ધો. ૧૦ની પરીક્ષામાં એક સાથે ૭ કોપી કેસ નોંધાતા જિલ્લાભરમાં ભારે ખળભળાટ વિદ્યાર્થીઆલમ અને શૈક્ષણિક ક્ષૈત્રે મચી જવા પામ્યો છે.

# ખેડબ્રહ્મામાં કોમ્પલેક્ષાની માર્જીન ભંગનું દબાણ હટાવાયું

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા શહેરમાં નદી કિનારે આવેલા દબાણોને ગુરૂવારના રોજ પાલિકાતંત્ર દ્વારા હટાવી દેવામાં આવતા ગેર કાયદેસર દબાણ કરવાવાળાઓમાં સોંપો પડી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા શહેરમાં નદી કિનારે લક્ષ્મી કોમ્પલેક્ષનું બાંધકામ ચાલુ છે. આ કોમ્પલેક્ષ માર્જીનની જગ્યામાં ૧૦X૩૦ ફૂટની જગ્યામાં ત્રણ માનું બાંદકામ ચાલુ છે. જગ્યા ખુલ્લા ભોગવટાની હોવા છતાં કોમ્પલેક્ષના માલિકો દ્વારા ત્રણ માળનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું. જેથી પાલિકાના ચીફ ઓફિસર અજય પ્રકાશે બાંધકામ સ્વખર્ચે દૂર કરવા નોટીસ આપી હતી પણ નોટીસનો અમલ ન થતા ગુરૂવારના રોજ પાલિકાનો સ્ટાફ જે.સી.બી. મશીન દ્વારા સ્થળ ઉપર ૧૦X૩૦ની દિવાલ તોડી પાડી હતી અને વધુ દબાણ સ્વખર્ચે તોડવા કોમ્પલેક્ષ માલિકોએ બાંહેધરી આપતા તંત્રએ સમય આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)




પ્રાંતિજ શહેર તથા તાલુકામાં આજથી પ્રારંભાએલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ શાંતિમય વાતાવરણમાં પરીક્ષા આપી હતી. સાથે જ અવરત હાઈસ્કૂલમાં ૨૦ જેટલા વિકલાંગ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ખેડબ્રહ્મામાં રાધાકૃષ્ણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરના પાટોત્સવની ગુરુવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અભિષેક-મહાપુજા-આરતી અને ધડા ચડાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



મહાપુજાના યજમાન તરીકે જયશ્રીબેન જગદીશકુમાર સુથાર નવા મારવાડીએ ધર્મલાભ લીધો હતો. મંદિરની ધજાનો ચડાવવાનો સુથાર લીલાબેન અમૃતલાલે લાભ લીધો હતો. આ પ્રસંગે ટ્રસ્ટીઓ અરવિંદભાઈ પટેલ (મુખી), સૂર્યકાન્ત સોની તથા ઉત્સવ સમિતિના સભ્યો હસમુખલાલ મોદી-લખુભાઈ અટારા-ફૂલજીભાઈ પટેલ સહિત ગોપી મંડળની બહેનો તથા ભાવિકભકતો ઉપસ્થિત રહ્યા હતા. પાટોત્સવને સફળ બનાવવા મંદિરના પુજારી જસવંતલાલ પંડયાએ જહેમત ઉઠાવી હતી.



**ધનસુરામાં શાંતિપૂર્ણ માહોલમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ :** સમગ્ર ગુજરાતમાં આજથી શરૂ થયેલી બોર્ડની પરીક્ષાનો ધનસુરામાં પણ શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. એકંદરે પેપર સરળ રહ્યું હતું અને વિદ્યાર્થીઓ ખુશ જણાતા હતા. ધનસુરામાં શરૂ થયેલી બોર્ડની પરીક્ષામાં બોર્ડના કુલ ૫૫૦ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાં ૫ વિકલાંગ બાળકો અને એક અંધ બાળકનો સમાવેશ થયો હતો અને સમગ્ર પરીક્ષામાં શાંતિનો માહોલ જોવા મળ્યો હતો.

# વિરમગામના વિઠલાપુરા ગામમાંથી શિક્ષકનો મૃતદેહ મળી આવ્યો

## શિક્ષકે આત્મહત્યા કરી છે કે હત્યા તેનું રહસ્ય

વિરમગામ, તા. ૭

વિરમગામનાં વિઠલાપુર ગામની સીમમાંથી આજે નદી શાળાના શિક્ષકની લાશ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. ગામની સીમમાંથી શિક્ષકની લાશ મળતાં ગામના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસે હાલ ગુનો નોંધી શિક્ષકે આત્મહત્યા કરી છે કે હત્યા તે જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

વિરમગામ પાસે આવેલા વિઠલાપુરમાંથી આજે સાંજે એક પુરુષની લાશ પડી હોવાની પોલીસને જાણ થઈ હતી. જેથી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે તપાસ કરતાં નદી શાળાના શિક્ષક હોવાનું જાણવા મળ્યું હતું. શિક્ષકની લાશ મળતાં ગ્રામજનોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. પોલીસે હાલ શિક્ષકે આત્મહત્યા કરી છે કે હત્યા તેનું રહસ્ય જાણવા પ્રયાસો હાથ ધર્યા છે.

# ધો-૧૦ ની પરીક્ષા નો બાયડ સેન્ટર પર શાંતીપુર્ણ માહોલ માં થયેલો પ્રારંભ



આજ રોજ સમગ્ર ગુજરાત રાજયમાં માધ્યમીક શીક્ષણ બોર્ડ દ્વારા લેવાતી એસ.એસ.સી અને એચ.એસ.સી ની પરીક્ષા નો પ્રારંભ થયો હતો

આજ રોજ સવારે ૯ વાગ્યા થી જ પરીક્ષા કેન્દ્ર ના ગેટ આગળ વિદ્યાર્થીઓની લાબી કતારો લાગી હતી જયારે પરીક્ષા ના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ ને આવકારવા બાયડ ખાતેની સેવાભાવી સંસ્થાઓ જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ અને લાયન્સ લીઓ કલબ દ્વારા બાળકો ને મીઠુ મોઢુ કરાવી ને પ્રવેશ કરાવ્યો હતો અને દરેક બાળકોને શુભેરછા પાઠવી હતી

જયારે આજે ધો ૧૦ માં ગુજરાતી ભાષા નુ પેપર સરળ નીકળતા વિદ્યાર્થી ઓનો પ્રથમ દિવસ પરીક્ષા નો સારો રહયો હતો જયારે હાલ માં સમગ્ર દેશ જે મહામુસીબત નો સામનો કરી રહયો છે તેવા મોઘવારી ના વિષય ઉપર નિબંધ પુછાતા વિદ્યાર્થીઓ મલકાઈ ઉઠયા હતા

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન